**સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયમાં વધારો કરવા અંગેની વર્ષ ૨૦૨૪-૨૫ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: : TDD/VKY/e-file/25/2023/1772/P

સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા :-

1. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૪-ન.બા.૫૭-ઘ.
2. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૭/૦૭/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક: VKY-૨૦૨૧-૮૪૯-N.I.-૦૫-P.
3. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૦૭/૨૦૨3નો સુધારા ઠરાવ ક્રમાંક: VKY-૨૦૨૧-૮૪૯-N.I.-૦૫-P.
4. ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાતનો તા.૧૨/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક: DSAG/૦૦૫૧/૧૨/૨૦૨3.

**પ્રસ્તાવના:**

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા સંકલિત ડેરી વિકાસ યોજના અંગેવંચાણે લીધા ક્રમાંક (૧) થી ઠરાવ કરવામાં આવેલ છે. આ વિભાગ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (૨) થી સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયમાં વધારો કરવા અંગે ઠરાવ કરવામાં આવેલ છે તેમજ વંચાણે લીધા ક્રમાંક (૩) થી સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયમાં વધારો કરવા અંગેના ઠરાવની શરતમાં સુધારો કરવા અંગે સુધારા ઠરાવ કરવામાં આવેલ છે. મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ) દ્વારા સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયમાં વધારો કરવા માટેની રૂ.૧૩૦૦.૦૦ લાખની નવી બાબતને વર્ષ ૨૦૨૪-૨૫માં સમાવેશ કરવા વંચાણે લીધા ક્રમાંક (૪) ઉપરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. પ્રસ્તુત બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયમાં વધારો કરવા માટેની નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૧૩૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા તેરસો લાખ પૂરા)ની જોગવાઈને નીચેની શરતોને આધીન, આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ હેઠળ એક લાભાર્થી દીઠ રૂ.૯૦,૦૦૦/-નું ખર્ચ થશે. જેમાં નીચે મુજબના કોમ્પોનન્ટ મુજબ સહાય અને લોન આપવાની રહેશે.

| ક્રમ | યુનિટ દીઠ કિંમત રૂ. | લોન રૂ. | ભારત સરકારશ્રીની સબસીડી (સુચિત) રૂ. | રાજ્ય સરકારશ્રીની સહાય રૂ. | લાભાર્થી ફાળો રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૯૦,૦૦૦/- | ૨૯,૦૦૦/- | ૨૯,૦૦૦/- | ૨૯,૦૦૦/- | 3,૦૦૦/- |

**નવી યુનિટ કોષ્ટની રકમનું વિભાજન પત્રક**

| ક્રમ | કોમ્પોનન્ટ | યુનિટ દીઠ કિંમત (રૂ.) | લોન (રૂ.) | ભારત સરકારશ્રીની સબસીડી (સુચિત) રૂ. | રાજ્ય સરકારશ્રીની સહાય રૂ. | લાભાર્થી ફાળો (રૂ.) |
|---|---|---|---|---|---|---|
| ૧ | દુધાળા પશુ | ૭૯,૫૦૦/- | ૨૯,૦૦૦/- | ૨૧,૪૦૦/- | ૨૬,૧૦૦/- | 3,૦૦૦/- |
| ૨ | પશુ વિમો | 3,૦૦૦/- | | 3,૦૦૦/- | | |
| ૩ | પશુ ટ્રાન્સપોર્ટેશન ખર્ચ | ૧,૦૦૦/- | | ૧,૦૦૦/- | | |
| ૪ | વાસણની કિટ | ૦.૦૦/- | | ૦.૦૦/- | | |
| ૫ | પશુ ખાણ-દાણ | ૨,૦૦૦/- | | ૨,૦૦૦/- | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | પશુ સારવાર | ૧,૨૦૦/- | | ૧,૨૦૦/- | | |
| ૭ | તાલીમ | ૪૦૦/- | | ૪૦૦/- | | |
| ૮ | વહીવટી ખર્ચ | ૨,૯૦૦/- | | | ૨,૯૦૦/- | |
| | કુલ કિંમત | ૯૦,૦૦૦/- | ૨૯,૦૦૦/- | ૨૯,૦૦૦/- | ૨૯,૦૦૦/- | ૩,૦૦૦/- |
| | કુલ યુનિટ કોસ્ટ | ૮૭,૧૦૦ + ૨,૯૦૦ = ૯૦૦૦૦/- | | | | |

**શરતો:**

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકીય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.
2. આ યોજનાનો અમલ ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ) નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.
3. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
4. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
5. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા તેમજ ખરીદ પધ્ધતિ મુજબની ખરીદી માટેની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તે મુજબ ખરીદી કરવાની રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ મુજબ ઉદ્યોગ અને ખાણ વિભાગ પાસેથી ના વાંધા પ્રમાણ પત્ર (No Objection Certificate) મેળવ્યા પછીજ ખરીદી કરવાની રહેશે. ત્યારબાદ વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.સાધન/ કીટની ગુણવતા સુનિશ્રિત કરવાની રહેશે.
6. નાણાકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
7. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
8. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
9. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
10. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
11. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.
12. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
13. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
14. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
15. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
16. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
17. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
18. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
19. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
20. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૬-આયોજન, મુખ્ય સદર-૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર ૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર ૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર: કર- વીકેવાય-૧૯: ડી-સેગ દ્વારા ડેરી, વાડી, સિંચાઈ જેવી યોજનાના અમલીકરણ, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ મળતી પશુ સહાયની રકમમાં વધારો

કરવા માટે ચાલુ નાણાકીય વર્ષની જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: DISHABEN RAJESHBHAI PATEL
Organization Unit: Tribal Development Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 12-Mar-2024 (04:45 PM)

દિશા પટેલ

સેક્શન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

**<u>નકલ રવાના:</u>**

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.વિ.)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી(બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (આ.વિ.) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.), આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડી-સેગ),બિરસા મુંડા ભવન, સે.૧૦-એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,અમદાવાદ/રાજકોટ.
- તમામ પ્રાયોજના વહીવટદારશ્રીઓ(ડી-સેગ મારફતે).
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઈટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઈલ.